PARLE MAHOTSAV

Organiser - **ADV. PARAG ALAVANI,** President, Vile Parle Cultural Centre
2, Amber Palace, Chittaranjan Road, Vile Parle (East), Mumbai 400 057.
Tel.: 26136513, 26177125 • Website : www.parlemahostav.com

PARLE MAHOTSAV

**અખબારી યાદી**

# ૧૪મા પાર્લે મહોત્સવના કલા પરિસર સ્વર્ગીય વિનય આપ્ટે કલા નગરીનું ઉદઘાટન

# ઉત્તરોત્તર પાર્લે મહોત્સવ ભવ્ય બનતો જાય છેઃ દિલીપ જોશી

**મુંબઈઃ** મને દર વર્ષે મહોત્સવમાં હાજરી આપવાનું સદભાગ્ય મળ્યું છે અને આ મહોત્સવ ઉત્તરોત્તર ભવ્ય બનતો જાય છે, એમ સુપ્રસિદ્ધ અભિનેતા અને તારક મહેતા કા ઉલ્ટા ચશ્માંના જેઠાલાલ દિલીપ જોશીએ બુધવારે જણાવ્યું હતું. અહીં આવેલી ટપુ સેના સાથે પણ તેમણે સંવાદ સાધ્યો હતો. આજની સ્પર્ધાઓમાં ભાગ લેવા સાથે જીવનની સર્વ સ્પર્ધામાં સફળ બનો એવો આશીર્વાદ પણ તેમણે આપ્યો હતો.

સ્વર્ગીય વિનય આપ્ટેની જેમ જ સારા કલાકારો ઘડાય એવી શુભેચ્છા પાર્લે મહોત્સવના મંચ પરથી જ્યેષ્ઠ અભિનેતા વિક્રમ ગોખલેએ આપી હતી. ૧૪મા પાર્લે મહોત્સવમાં ચિત્રકળા, વ્યંગચિત્ર, ગાયન, નૃત્ય, સમૂહ નૃત્ય, મહેંદી, વક્તૃત્વ, એકપાત્રી પ્રયોગ, સ્વરચિત કાવ્યવાંચન વગેરે કળાવિષયક સ્પર્ધા આયોજિત થઈ રહી છે એવા વિસ્તારના સ્વર્ગીય વિનય આપ્ટે કલાનગરીનું તેમને હસ્તે ઉદઘાટન થયું હતું. સારા કલાકારો સાથે બાળકોએ દેશના સારા નાગરિક પણ બનવું જોઈએ. આ માટે પાર્લે મહોત્સવે પણ વધુ પહેલો કરવી જોઈએ એવી આશા પણ તેમણે સેવી હતી. સ્વ. વિનય આપ્ટે સારા અભિનેતા અને દિગ્દર્શક હોવા સાથે એક સાચા દેશભક્ત પણ હતા એવી યાદ પણ તેમણે કરાવી હતી.

બેડમિંટન સ્પર્ધાના ઉદઘાટન માટે ૨૦મું વૈશ્વિક સીડિંગ અને ભારતનું બીજું સીડિંગ પ્રાપ્ત કરનારી બેડમિંટન ખેલાડી હર્ષિલ દાણીએ સર્વ ખેલાડીઓને ઈનામો માટે નહીં પણ રમત સારી કરવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ એવો અનુરોધ કર્યો હતો. હું પોતે ૪થા અને ૫મા પાર્લે મહોત્સવમાં સ્પર્ધક હતી. જોકે તે સમયે ઈનામ મળ્યું નહોતું. છતાં નિરાશ થઈ નહોતી, એમ તેણે જણાવ્યું હતું. સારસ્વત બેન્કના પાર્લેના બ્રાન્ચ મેનેજરે પણ પાર્લે મહોત્સવના સર્વ સ્પર્ધકોને શુભેચ્છા આપી હતી.

૫મા દિવસે મહોત્સવમાં ભારત કો જાનો એ દેશ પર આધારિત પ્રશ્નમંજુષા તેમ જ યોગ વિદ્યા, જ્યેષ્ઠ નાગરિક સ્પર્ધા જેવાં આયોજનો થયાં હતાં, જ્યારે ચિત્રકળા, વ્યંગચિત્ર, ટેબલ ટેનિસ, ખોખો જેવી સ્પર્ધા પણ થઈ હતી. પાંચના દિવસને અંતે આશરે ૧૦થી ૧૨ હજાર સ્પર્ધકો સ્પર્ધામાં ભાગ લઈ ચૂક્યા છે. અહમદનગરથી ૫૦ વિશેષ બાળકો, યોગા સ્પર્ધા, બેડમિંટન સ્પર્ધામાં સહભાગી થયેલો ચિન્મય મિર્જી નામે વિશેષ બાળકે સૌનાં મન જીત્યાં હતાં.

---

આ અખબારી યાદી શ્રીકૃષ્ણ આંબેકર, કાર્યાલય પ્રમુખ, પાર્લે મહોત્સવે જારી કરી છે.